# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૦/૧૪૮ તા. ૦૭/૦૧/૨૦૨૦

**પરિપત્ર-૧૦૬૧**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કોલેજો/માન્ય પી. જી. કેન્દ્રોના આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે આપની કોલેજ/માન્ય પી. જી. કેન્દ્રમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમના સેમેસ્ટર-૨, સેમેસ્ટર-૪ અને સેમેસ્ટર – ૬ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના યુનિવર્સિટી દ્વારા આગામી માર્ચ/એપ્રિલ-૨૦૨૦ માં લેવાનાર રેગ્યુલર અને પાર્ટ એક્ઝામના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા જણાવવામાં આવે છે.

| Sr | Course | Semester | Fee | | | |
|---|---|---|---|---|---|---|
| | | | Exam Fee | Practical Fee | Form Fee | Total Fee |
| 1. | B. A | 2, 4, 6 | 215 | 50 | 25 | 290 |
| 2. | B.Com. | 2, 4, 6 | 215 | 50 | 25 | 290 |
| 3. | B.SC. | 2, 4, 6 | 215 | 150 | 25 | 390 |
| 4. | LLB. | 2, 4 | 265 | 00 | 25 | 290 |
| 5. | LLB. | 6 | 565 | 00 | 25 | 590 |
| 6. | B.C.A. | 2, 4, 6 | 265 | 250 | 25 | 540 |
| 7. | B.S.W. | 2, 4, 6 | 265 | 250 | 25 | 540 |
| 8. | B.Ed. | 2 | 215 | 00 | 25 | 240 |
| 9. | B.Ed. | 4 | 215 | 225 | 25 | 465 |
| 10. | B.B.A. | 2 | 265 | 250 | 25 | 540 |
| 11. | M.A | 2, 4 | 515 | 00 | 25 | 540 |
| 12. | M.Com | 2, 4 | 515 | 00 | 25 | 540 |
| 13. | M.Sc. | 2, 4 | 515 | 200 | 25 | 740 |
| 14. | M.S.W. | 2, 4 | 515 | 00 | 25 | 540 |
| 15. | M.Ed. | 2, 4 | 515 | 500 | 25 | 1040 |
| 16. | LL.M | 2 | 515 | 0 | 25 | 540 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી વેરીફાઈ કરવાના રહેશે.

(૨) પરીક્ષા આવેદનપત્રના ચેકલીસ્ટમાં સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેમની સહી કરાવવાની રહેશે.

(૩) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રના ચેકલીસ્ટ પર સંબંધિત કૉલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૪) પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.

(૫) આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ નીચે દર્શાવેલ સમય પત્રક મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં જમા કરાવવાનો રહેશે.

| વિગત | રેગ્યુલર ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની છેલ્લી તારીખ | રૂ. ૨૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની છેલ્લી તારીખ | રૂ. ૫૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની છેલ્લી તારીખ | રૂ. ૧૦૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|
| સેમેસ્ટર-૨-૪-૬ ના પરીક્ષા આવેદન પત્ર બાબત | તા.૦૭/૦૧/૨૦૨૦ થી તા.૦૭/૦૨/૨૦૨૦ સુધી | રેગ્યુલર ફી + રૂ. ૨૦૦/- તા.૦૮/૦૨/૨૦૨૦ થી તા.૧૧/૦૨/૨૦૨૦ | રેગ્યુલર ફી + રૂ. ૫૦૦/- તા.૧૨/૦૨/૨૦૨૦ થી તા.૧૩/૦૨/૨૦૨૦ | રેગ્યુલર ફી + રૂ. ૧૦૦૦/- તા.૧૪/૦૨/૨૦૨૦ |

(૬) યુનિવર્સિટી ખાતે ચેકલીસ્ટ મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.

(૭) કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે પરીક્ષા ફોર્મ અર્થે મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

(૮) ચેકલીસ્ટમાં દર્શાવેલ નંબરના ક્રમમાં જ વિદ્યાર્થીની લાયક પરીક્ષાની માર્કશીટ ગોઠવવી અને તેના પર ક્રમ નંબર લખવો જેથી કોઈ ક્ષતિ હોય તો સુધારવામાં સરળતા રહે.

(૯)ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ બાદ ૨ (બે) દિવસની સમયમર્યાદામાં તમામ કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓએ એક્ઝામ ફોર્મનું ચેકલીસ્ટ(પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી) અને જરૂરી માર્કશીટ નિયત ફી સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાની રહેશે.

# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નોંધ

- જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાંથી FAEC મેળવ્યું નહી હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રો ભરી શકાશે નહી. FAEC મેળવ્યા બાદ જ સંબંધિત વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્ર ભરી શકાશે.
- બી.એ. અને બી.કોમ. અભ્યાસક્રમમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય તે વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૨૯૦/- તથા પ્રાયોગિક કાર્ય સિવાયના વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી  રૂ. ૨૪૦/- લેવાની રહેશે.
- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ ચલાવતી કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.